Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number | Candidate Number

# Pearson Edexcel Level 3 GCE

## Wednesday 21 May 2025

Afternoon (Time: 2 hours 30 minutes) | Paper reference **9GU0/01**

# Gujarati

## Advanced

**PAPER 1: Translation into English, Reading comprehension and Writing (research question) in Gujarati**

**You do not need any other materials.**
**Dictionaries are not allowed in this examination.**
**Documentation relating to the research is not allowed in this examination**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer Question 1 in Section A. Answer **all** questions in Section B.
- You must answer **one** question from Section C. Write approximately 300 to 350 words for questions in Section C.
- We recommend you spend 20 minutes on Section A: Translation into English, 45 minutes on Section B: Reading comprehension and 1 hour 25 minutes on Section C: Writing (research question).
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*

## Information

- The total mark for this paper is 80.
- The marks for **each** question are shown in brackets.

## Advice

- Read each question carefully before you start to answer it.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2025 Pearson Education Ltd.
Y:1/1/1/1/1
P 8 0 7 2 4 A 0 1 1 6

Pearson

## SECTION A: TRANSLATION INTO ENGLISH

**Write your answer in the space provided.**

**We recommend you spend around 20 minutes on this section.**

1 Translate the following text about generational conflict from Gujarati into **English**.

ઘણાં વર્ષો પહેલાં લોકો શિક્ષકો પાસેથી તેમજ પુસ્તકો દ્વારા શીખતા. જ્યારે આજના યુવાનો નવી ટેક્નૉલોજિ વાપરીને વધારાનું જ્ઞાન પણ મેળવે છે. તેઓ આધુનિક વિચારવાળા અને સાહસિક છે.

ગુજરાતી વૃદ્ધો પરંપરાગત વિચારો ધરાવે છે. તેઓ શાંતિ, સ્થિરતા અને સંતોષ ઇચ્છે છે. કમનસીબે, તેઓ સમજી શકતા નથી કે શા માટે યુવાનો તેમની વિચારધારાનો વિરોધ કરે છે. પરિણામે, તેમની વચ્ચે વાદવિવાદ અને સંઘર્ષ થાય છે. સામાજિક માધ્યમના વધતા જતા વપરાશને લીધે આ તફાવત વધ્યો છે. બંને પોતપોતાની દ્રષ્ટિએ સાચા છે.

પરસ્પર સમજણ અને સ્વીકૃતિ હવે એટલી જ આવશ્યક છે જેટલી પહેલાં હતી. કદાચ, પ્રામાણિક અને સ્પષ્ટ વાર્તાલાપ હજી પણ ખૂબ જ જરૂરી છે.

**(20)**



DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
P 8 0 7 2 4 A 0 2 1 6

**(Total for Question 1 = 20 marks)**

**TOTAL FOR SECTION A = 20 MARKS**



DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION B: READING

**We recommend you spend around 45 minutes on this section.**

**Open-response questions do not have to be written in full sentences and you may respond using single words or phrases.**

**You may use words from the texts but you must not copy whole sections.**

**2** ઇ-સામયિકમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

**ઇન્ટરનેટ પર મળતી માહિતીની આધારભૂતતા**

ગુજરાતમાં ઇન્ટરનેટનો ઉપયોગ મનોરંજન, અભ્યાસ અને બીજા કેટલાંક લાભદાયક કામ માટે થતો હોય છે, પરંતુ એનો દુરુપયોગ પણ થતો જોવા મળે છે. હકીકતમાં ચૂંટણી પ્રચાર માટે રાજકીય પક્ષો એનો વધારે ઉપયોગ કરે છે. તેઓ વેબસાઇટ પર પોતાના આદર્શો, સિદ્ધાંતો અને નેતાઓ વગેરેની મહાનતા દર્શાવતા લેખો અને વિડીયો મૂકે છે. પછી દરેક સામાજિક માધ્યમોમાં એની આવી જાહેરાતોનો પ્રચાર કરવામાં આવે છે. ગુજરાતમાં, પહેલાં કેટલાક રાજકારણીઓ વિરોધી પક્ષ વિશેની ખોટી માહિતી તૈયાર કરી લોકોમાં ગેરસમજણ ઊભી કરતા હતા. જેને કારણે ક્યારેક ખોટા ઉમેદવારો પણ ચૂંટાઈ જતા.

ખરેખર તો આવાં માધ્યમો પર જ્યારે કોઇ પણ માહિતી મૂકાય છે ત્યારે એની વિશ્વસનિયતાની ચકાસણી કરવા કોઇ જતું નથી. આથી જ્યારે કોઈ પણ સામાજિક માધ્યમ પર હો અથવા કોઇનો બ્લોગ વાંચતા હો ત્યારે જો કોઇ માહિતી તમારી સમક્ષ આવે તો એકદમ સાવધ બની જવું. ખાસ કરીને તો એના મૂળ સ્રોતની વિશ્વસનિયતા ચકાસવી જરૂરી છે.

નીચે આપેલાં દરેક વાક્યને પૂરું કરવા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તે ખાનામાં ચોકડી ☒ મૂકો.

(i) ઇન્ટરનેટનો ઉપયોગ .................................................. માટે ફાયદાકારક છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** નોકરી |
| ☒ | **B** મુસાફરી |
| ☒ | **C** ખરીદી |
| ☒ | **D** શિક્ષણ |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) ગુજરાતના રાજકારણમાં .................................................................................... ની સમસ્યાઓ થઈ હતી.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ખોટા સમાચારો |
| ☒ | **B** ગામડાઓમાં પ્રચાર |
| ☒ | **C** વૃધ્ધ ઉમેદવારો |
| ☒ | **D** નવા વિરોધ પક્ષો |

(iii) ઇન્ટરનેટ પરની માહિતી ભાગ્યે જ .................................................................................... હોય છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** અયોગ્ય |
| ☒ | **B** તપાસેલી |
| ☒ | **C** અદ્યતન |
| ☒ | **D** સમજાયેલી |

(iv) ઇન્ટરનેટ વપરાશકર્તાઓને .................................................................................... ની સલાહ આપવામાં આવે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** સુરક્ષિત વાઇ-ફાઇ રાખવા |
| ☒ | **B** ચિંતામુક્ત રહેવા |
| ☒ | **C** સાવચેતી રાખવા |
| ☒ | **D** રાજકારણી બનવા |

**(Total for Question 2 = 4 marks )**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**3** ગુજરાતી ફિલ્મ સંગીત વિશે ઇન્ટરનેટ પરનો એક લેખ વાંચો.

**ગુજરાતી ફિલ્મ સંગીત**

ગુજરાતી ચલચિત્રો, ધારાવાહિકો અને નાટકોને પ્રોત્સાહિત કરવા માટે ઘણાં વર્ષોથી *ટ્રાન્સમીડિયા એવાર્ડ* અપાય છે. *કેવી રીતે* જઇશ ફિલ્મ માટે ગીતકાર તરીકે રઈશ મણિયારને, સંગીત માટે મેહુલ સુરતીને તથા નવી અભિનેત્રી તરીકે વેરોનીકાને આ ઇનામ મળ્યાં છે.

સુરત શહેરને પ્રથમવાર સંગીત માટે કોઈ પ્રસિધ્ધ સંસ્થા તરફથી પુરસ્કારો મળ્યાં છે. અવનવા પ્રયોગોથી સંગીતમાં સફળતાની શરૂઆત થઈ ચૂકી છે. શહેરમાં વિકસી રહેલી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને કારણે એમ લાગે છે કે આવનારા વર્ષોમાં સુરત ઘણાં ઇનામો મેળવશે.

પારિતોષિકથી સન્માનિત નવલકથા *તત્વમસિ* પરથી *રેવા* નામની ફિલ્મ બની છે. જેમાં અમેરિકામાં ઊછરેલ કરણ નામનો ગુજરાતી યુવાન દાદાની સંપત્તિ મેળવવા ગુજરાતના આશ્રમમાં જાય છે. આગળ જતાં તેને ત્યાં ખૂબ જ ગમે છે. નર્મદા નદીના કિનારે સંગીતના સ્વરો સંભળાય છે. આ સંગીત એવું છે કે જાણે તમને કેફ ચઢે. *ખળખળ વહેતું જાય* ગીત કીર્તિદાન ગઢવીના પહાડી અવાજમાં આવતું રહે છે. મંદિરોમાં ગવાતાં દુહા, ભજનો અને આરતી લોકોને અને કરણને દિવ્યતાનો અનુભવ કરાવે છે.

ક્યા વાક્યો સાચાં છે તે જણાવો અને ચાર સાચાં વાક્યો ચોકડી ☒ દ્વારા જણાવો.

**(4)**

| | |
|---|---|
| ☒ | **A** ગુજરાતના કલાકારોને પુરસ્કાર મળ્યા છે. |
| ☒ | **B** *કેવી રીતે* જઇશ ફિલ્મના પુરુષ અભિનેતા ઇનામ જીત્યા છે. |
| ☒ | **C** જુદી રીતનું સંગીત લોકોને ગમતું નથી. |
| ☒ | **D** સાંસ્કૃતિક પ્રવૃત્તિ લોકોને સફળતા તરફ લઈ જાય છે. |
| ☒ | **E** *રેવા* નામની વાર્તાને એવોર્ડ મળ્યો છે. |
| ☒ | **F** કરણને તેના દાદાની સંપત્તિ જોઇતી નથી. |
| ☒ | **G** કરણ પરદેશમાં રહેવાનું નક્કી કરે છે. |
| ☒ | **H** કીર્તિદાન ગઢવીનો અવાજ મીઠો છે. |
| ☒ | **I** આ ફિલ્મ સંગીતને આધ્યાત્મિકતા સાથે જોડે છે. |

**(Total for Question 3 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**4** વેબસાઇટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચી નીચેના સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**સ્થળાંતરીતોની મુશ્કેલી**

ગુજરાતમાં એવા કેટલાય સમુદાયો છે જેમની પાસે રોજગાર કે રહેવા માટે કાયમી સ્થાન નથી હોતું. તેઓ કામ માટે સતત સ્થળાંતર કરતાં રહે છે. તેઓમાં આર્થિક મુશ્કેલીઓ, સામાજિક સમસ્યાઓ કે કોઈ પણ જરુરિયાતના સમયે મદદ માટે સામાજિક સહકારનું વ્યવસ્થાતંત્ર જોવા મળે છે.

ભૂતકાળમાં આ વિચરતા સમુદાયો સમાજ સાથે જોડાયેલા હતા અને તેઓનું સ્થાન સન્માનજનક હતું. કુશળ કલાકારો અને સંગીતકારો વિવિધ કાર્યક્રમો દ્વારા ગામોમાં જઈને જનતાનું મનોરંજન કરીને, લોકોને ઘેર સામાન પહોંચાડીને અને બાંધકામના ક્ષેત્રમાં મજૂરી કરીને રોજીરોટી મેળવતા હતા. કલા પ્રદર્શિત કરીને લોકોનાં જીવનમાં આનંદ ભરી દેતા હતા. આજે પરંપરાગત કલા-કૌશલ્યો પર આધારિત ધંધા-રોજગારોની મહત્તા ઘટવાથી તે લગભગ બંધ થઈ ગયા છે.

હાલના સમયમાં સમાજનો દ્રષ્ટિકોણ બદલાયો હોવા છતાં હજી પણ અન્યાયનો સામનો તેઓને કરવો પડે છે. બેરોજગારી ઘટાડવા અને મનોવૃત્તિ બદલવા માટે સરકારે નવી વિકાસલક્ષી યોજનાઓ શરૂ કરી છે. જેથી ઘણા લોકો આનો લાભ લઈને સ્થાયી થવા લાગ્યા છે. પ્રાથમિક સુવિધાઓ અને નાગરિકતાના અધિકારો ધીમે ધીમે મળતા થયા છે. આજે તેમાંના ઘણા લોકો સ્થિર અને શાંતિમય જીવન જીવવા લાગ્યા છે.

(a) સ્થળાંતર કરનારા સમુદાયોને શેનો અભાવ છે?

**(1)**

........................................................................................................................................

(b) પરપ્રાંતિયો પૈસા કમાવા માટે શું કરતા હતા? **બે** વિગતો આપો.

**(2)**

........................................................................................................................................

........................................................................................................................................

(c) વિચરતી જાતિઓ જે કામ કરતી હતી તેનું શું થઈ રહ્યું છે?

**(1)**

........................................................................................................................................

(d) વિચરતી જાતિઓની પરિસ્થિતિ અંગે સરકાર કેવી પ્રતિક્રિયા આપી રહી છે? **બે** વિગતો આપો.

**(2)**

........................................................................................................................................

........................................................................................................................................

**(Total for Question 4 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**5** પ્રકાશિત થયેલી એક વાર્તાનો અંશ વાંચો અને સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**યુવાનો અને રાજકારણ**

એક નાના ખુલ્લા મેદાનમાં ધ્વજની આસપાસ વીસેક યુવકો વર્તુળમાં ઊભા હતા. તેમના મુખ ઉપર અપૂર્વ ગંભીરતા હતી. એક યુવકે મીઠા બુલંદ સ્વરે ગાવા માંડયું. *હે...જંગ જામ્યો, હે વીર જાગજો.* આ ગીત આખો સમૂહ સાથે ગાતો હતો.

અરુણ ક્ષણભર વિચારમાં પડયો અને પછી મક્કમ પગલે આગળ આવ્યો. આશ્ચર્યચકિત થઈ સહુએ તેની સામે જોયું. ધ્વજ પાસે ઊભો રહેલો અરૂણ ઘેરા અવાજે બોલ્યો 'આ ધ્વજ સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું કે હું એક વર્ષ સુધી અહિંસાનું સંપૂર્ણ પાલન કરીશ.'

અરુણના માનવા પ્રમાણે દેશની સ્વતંત્રતામાં યુવાનોનો ફાળો અગત્યનો હતો. તેઓ ઉત્સાહી અને સાહસિક હોવાથી દેશનું ભવિષ્ય તેઓના હાથમાં હતું. ગુજરાતનાં રાજકારણમાં તેઓની ખાસ ભૂમિકા હતી.

સમગ્ર દેશમાં જ નહીં પણ વિશ્વમાં ગુજરાત પ્રતિષ્ઠાવાળું અને ગૌરવવંતું રાજ્ય છે. એ પ્રતિષ્ઠાનો વારસો સાચવવા માટે યુવાજૂથે યોગ્ય, જવાબદાર, પ્રામાણિક અને મહેનતુ ઉમેદવારો ચૂંટી કાઢવાના છે.

યુવાનો સારી રીતે સમજે છે કે એક ખોટો મત, આવનારા ભવિષ્ય માટે કેવા જોખમકારક પરિણામો લાવતા હોય છે. તેઓ લાલચ, જ્ઞાતિ-જાતિ કે સગાંવહાલાંમાં નહીં ફસાય. તેમનો મત મજબૂત અને ભરોસાવાળી સરકાર આપી શકે છે. સારા નેતા લોકોને સારું શિક્ષણ, સંસ્કૃતિની જાળવણી તેમ જ અનેક સુવિધાઓ આપશે. આમ, શ્રેષ્ઠ નેતાને પસંદ કરવામાં અને ગુજરાતના વિકાસના દ્વાર ખોલવામાં તેઓનું અગત્યનું યોગદાન છે.

(a) યુવકે શું કરવાનું શરૂ કર્યું?

**(1)**

.......................................................................................................................................................................................

(b) અરુણે શું વચન આપ્યું હતું?

**(1)**

.......................................................................................................................................................................................

(c) ગુજરાતનાં ભવિષ્ય માટે યુવાનો કેમ અગત્યના છે?

**(1)**

.......................................................................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(d) ચૂંટણી સમયે યુવાનોની ફરજ શું છે?

**(1)**

.......................................................................................................................................

(e) સારા નેતાઓએ જે **બે** મુદ્દાઓની કાળજી લેવી જોઈએ તે જણાવો.

**(2)**

.......................................................................................................................................

.......................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

**TOTAL FOR SECTION B = 20 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**SECTION C: WRITING (RESEARCH QUESTION)**

**Respond to ONE question from this section.**

**We recommend that you spend around 1 hour 25 minutes on this section.**

**Write approximately 300 to 350 words**

**EITHER**

**6 સમાજમાં મહિલાઓનું સ્થાન**

ગુજરાતી મહિલાઓને મળતી વિકાસની તકો દ્વારા તેઓએ મેળવેલી સિધ્ધિઓ વિશે ઇ-સમાચારપત્રમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

> ગુજરાત રાજ્ય નારી સશક્તિકરણમાં અગ્રેસર છે. સરકારે મહિલાઓની પ્રગતિ અને શિક્ષણ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. કન્યાઓને શિક્ષિત કરી તેમનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટે સરકાર *નારી વંદન* જેવા કાર્યક્રમો યોજે છે. આરોગ્ય નિદાન, કેળવણી અને રમત-ગમત જેવા અનેક વિભાગોની પણ વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી ઘણી યોજનાઓનો લાભ એક જ સ્થળેથી મળી શકે.
>
> વિવિધ પ્રકારની ઉજવણીઓ દ્વારા ગુજરાતી મહિલાઓને સન્માનિત કરીને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેથી શિક્ષણ ઉપરાંત, મહિલાઓ રોજગાર સંબંધિત કોઇપણ કુશળતા જેમ કે એલોવેરા ઉત્પાદન કે સીવણ જેવી હસ્તકલામાં આગળ વધી શકે છે. આમ, જેમ જેમ આત્મવિશ્વાસ વધે છે તેમ તેમ તેમનો સર્વાંગી વિકાસ થાય છે.
>
> ગુજરાત સરકારનું માનવું છે કે કોઈપણ રાજ્યની પ્રગતિ માટે મહિલાઓની ભાગીદારી ખૂબ જ જરૂરી છે. આજે વિજ્ઞાન, રાજકારણ, કાયદો, શિક્ષણ, તકનિક જેવા દરેક ક્ષેત્રમાં આગળ વધીને મહિલાઓએ પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો છે. તેમણે રમતગમતમાં સુવર્ણ પદકો જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ રીતે એક મહિલા પહેલાં પોતાના પરિવાર અને ત્યારબાદ સમાજમાં પ્રગતિ કરી રાજ્યની ઉન્નતિમાં યોગદાન આપે છે.

આપનાં સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'ગુજરાતને આગળ વધારવા મહિલાઓની ઉન્નતિ ખૂબ જરૂરી છે'.***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**7 ભારતીય સમાજ પર ગાંધીજીની અસર**

મહાત્મા ગાંધી વિશે સમાચારપત્રમાં છપાયેલ નીચેનો લેખ વાંચો.

> ગાંધીજી એક મહાન ચિંતક હતા. તેમની પોતાની જીવનયાત્રાએ તેમને સમાજના માનસને ઓળખવાની દ્રષ્ટિ આપી. તેઓ લંડનમાં બેરિસ્ટર હતા અને આ કાર્યથી તેમને તર્ક અને સત્ય વિશે શીખવા મળ્યું હતું. તેમના મતે, વિચારો જ પરિવર્તનનો પાયો છે અને વ્યક્તિની અંદર જ પરિવર્તનની શરૂઆત થાય છે જે સમગ્ર વિશ્વ સુધી વિસ્તરે છે.
>
> તૂટેલા યંત્રની મરામત માટે તે કેવી રીતે કામ કરે છે એ સમજવું જરૂરી છે એમ ગાંધીજી માનતા. આથી સામાજિક સુધારાઓ કરવા અત્યંત જરૂરી હતા. પોતાની આત્મકથા દ્વારા તેમણે કન્યા કેળવણીની મહત્તા અને સમાનતા વિશે જાગૃતિ ફેલાવી અને તે વિશે લોકોના વિચારો પર અસર કરી. જેથી આ વિશે લોકો વધારે સમજવા લાગ્યા. તેઓ ખૂબ સાદું જીવન જીવતા હતા અને લોકોને પણ આવું કરવા પ્રેરણા આપતા હતા.
>
> ગાંધીજીના વિચારોનું બીજું પ્રભાવશાળી પાસું છે આર્થિક સ્વાવલંબન. આ વિચારનો પ્રભાવ *મેક ઇન ઇન્ડિયા* કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. આ કાર્યક્રમ દ્વારા ભારતીય લોકોને માલની આયાત કરવાને બદલે ઘરેલુ સામાનના ઉત્પાદન અને ખરીદી માટે પ્રોત્સાહિત કરે છે. તેથી, સંપત્તિ દેશમાં જ રહે છે.

આપનાં સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો. આપનો જવાબ ગુજરાત રાજ્ય અથવા ભારતના અન્ય પ્રદેશો જ્યાં ગુજરાતી ભાષા બોલાતી હોય તેના પર જ કેન્દ્રિત હોવો જોઈએ.

***'વિકસિત સમાજ માટે વ્યક્તિનો વિકાસ થવો જરૂરી છે.'***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**8 પ્રવાસન**

ગુજરાતના પ્રવાસન વિશે ઇ-સમાચારમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

ગુજરાત એ તબીબી ઉપરાંત આયુર્વેદિક અને પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિનું કેન્દ્ર છે. અમદાવાદ, નડિયાદ, કરમસદ અને વડોદરામાં આવા પ્રખ્યાત આધુનિક કેન્દ્રો આવેલાં છે. ગુજરાતમાં વિશ્વસ્તરનાં યોગ કેન્દ્રો પણ આવેલાં છે. શરીર તંદુરસ્ત અને મન શુદ્ધ રાખવાની રીતથી દુનિયાના લોકો પ્રભાવિત થયા છે. પ્રવાસીઓ આરોગ્યને અનુલક્ષીને પ્રવાસનું આયોજન કરી મજા માણે છે.

રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી વિકાસને વેગ મળે તે હેતુથી ગુજરાતમાં અનેક રમતો માટેની યોગ્ય સુવિધા કરી છે. જુદાં જુદાં સ્થળો પર હવાઈ રમતો, દરિયા કિનારાની રમતો તેમજ પર્વતારોહણ સહેલાણીઓના આકર્ષણનાં કેન્દ્રો બન્યાં છે. સાથે સાથે પવિત્ર યાત્રા સ્થળની મુલાકાત આનંદ આપે છે. આમ, સાહસિક રમતોથી આરોગ્ય પ્રવાસન અને ધાર્મિક પ્રવાસનને પણ વેગ મળે છે.

જેથી પ્રવાસીઓ વિવિધ તહેવારો અને ભાતીગળ મેળાની મજા પણ માણે છે. અહીંની પરંપરાગત કળા અને હસ્તકળાએ દુનિયાભરના લોકોના દિલ જીત્યાં છે. મેળાઓ અને તહેવારોમાં ગુજરાતી લોકોની કળા કૌશલ્યવાળી વસ્તુઓની ખરીદીમાં વધારો થતાં આર્થિક વિકાસમાં વધારો થયો છે. જોકે કેટલાક કિસ્સાઓમાં આ પ્રકારના વેપારને કારણે સ્થાનિક ફુગાવો અને પ્રદૂષણ પેદા થયું છે.

આપનાં સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

*'ગુજરાત રાજ્ય તમામ પ્રકારના પ્રવાસીઓ માટે ઉત્તમ તકો પૂરી પાડે છે.'*

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**9 ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા**

ન્યાય વ્યવસ્થા વિશે ગુજરાત સરકારની વેબસાઇટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચો.

ગુજરાત રાજ્યને અપરાધમુક્ત, સલામત અને સુરક્ષિત બનાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીએ ધ *ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ-ઓર્ડિનન્સનો* કાયદો અમલી બનાવ્યો છે. નિર્દોષ નાગરિકોને હેરાન કરતા માથાભારે લોકોના વલણમાં ફેરફાર કરવા માટે કડક કાયદા ઘડવામાં આવ્યા છે. જેમાં કેદ અને દંડની સજા પણ સુનિશ્ચિત કરી છે. જેથી ગુનાઓમાં ઘટાડો થતાં પ્રજા સુરક્ષિત થઈ છે.

સરકારે ગુજરાતને સલામત કરવા માટે *સુરક્ષિત કદમ*નો નવો કાયદો અમલી બનાવતાં શાંતિ વધી છે. આ ધારા મુજબ ગુનામાં જે વ્યકિત સાક્ષી બનશે તેને રાજ્ય સરકાર પૂરેપૂરું રક્ષણ આપશે અને તેની ઓળખ અને સરનામું ગુપ્ત રાખશે. આ ઉપરાંત, છેતરપિંડી દ્વારા મેળવવામાં આવેલી મિલકત, કાનૂની કાર્યવાહીને લગતા કિસ્સામાં અને જરૂરત મુજબ વહીવટકર્તાની નિમણૂક માટે વાપરવામાં આવશે.

નિશાળે વિદ્યાર્થીઓને લઈ જતી નિશાળની બસ, વાન કે રિક્ષામાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાના આદેશો વડોદરા પોલીસે આપ્યા છે. વાહનોમાં લગાવેલા કેમેરા દ્વારા બાળકોના માતાપિતા અને શાળાના આચાર્ય પ્રવાસ કરતા બાળકોને જોઈ શકે છે. આથી ઘેર બેઠેલા વાલીઓ ચિંતામુક્ત બને છે. આ જાહેરનામાનો અમલ ન કરનાર વાહન ચાલકો સામે કડક કાર્યવાહી થઈ શકશે.

આપનાં સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'ગુજરાત સરકાર નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા શક્ય તમામ પ્રયાસો કરી રહી છે.'***

**(40)**



P 8 0 7 2 4 A 0 1 3 1 6

**Indicate your question choice on this page.**

**Indicate which question you are answering by marking a cross ☒ in the box. If you change your mind, put a line through the box ☒ and then indicate your new question with a cross ☒.**

Chosen question number: **Question 6** ☒ **Question 7** ☒

**Question 8** ☒ **Question 9** ☒

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA


P 8 0 7 2 4 A 0 1 4 1 6

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**TOTAL FOR SECTION C = 40 MARKS**
**TOTAL FOR PAPER = 80 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA